# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

આખો દેશ વેંચી દુનિયાનું ભ્રમણ થઇ ગયું!
કાશ્મીરનું નકશામાં ચીની-ગ્રહણ થઇ ગયું!
આરોહણ થઇ ગયું હિમાલયમાં ભાઇ-ભાઇથી -
અરૂણાચલમાં ભૂમિનું અધિ-ગ્રહણ થઇ ગયું!

## હાઇકુ

ભાઇ હરખા -
પ્રવાસ અભરખા -
છે બે સરખા..
(દંભી એ દંભી મિલે..)

એ નથી થયા -
કે કોઇના થવાના -
એ તો છે ચીના..
(નાક વિનાના..)

## ચિંતન

**શ્યામા મંથરગામિન્યઃ પીનાન્નતપયોધરાઃ ।**
**માહિષ્યશ્ચ માહિષ્યશ્ચ સંતિ પુણ્યવંતા ગૃહે ॥**

'પુષ્ટ અને ઉંચા પયોધરવાળી રમણીય સ્ત્રી જે મંદ મંદ મંથર ગતિથી ચાલે એવી સુંદર સ્ત્રીઓ, અને મોટાં આંચળ અને ભરાવદાર શરીરને કારણે જેની મંથરગતિ થઇ ગઇ છે એવી ભેંસો શ્યામરંગી (બંને) - તો પુણ્યશાળી જનોને ઘેર જ હોય છે.'

ગમે તેટલી સમૃદ્ધિ હોય - પરંતુ જો પુણ્યફળ ન હોય તો એ તમામ ભૌતિક સુખો પણ ભાર રૂપ થઇ જાય છે. સુખ અને શાંતિ એ પૂર્ણ જન્મના કર્મોનું જ ફળ છે.

સંસારમાં સર્વસુખનો અંત પત્નીની નિશ્ચ-તેના શાંત-સરળ-અનુકૂલન શાધી શકવાની શક્તિમાં - વિનય-નમ્રતા અને આજ્ઞાંકિતતામાં જ રહેલું છે. (એવું જ પત્ની માટે પણ - પતિ પણ એવો હોય તો જ સંસાર સુખી - આનંદી રહે) પરંતુ અહીં દૃષ્ટાંત સ્ત્રીનું છે માટે સ્ત્રીની વાત છે. આવી સુંદર-સૌમ્ય સ્ત્રી પુણ્યશાળીને જ મળે. ભેંસ એ જુના સમયમાં સમૃદ્ધિનું પ્રતિક હતું. માટે અહીં સ્ત્રી અને ભેંસની વાત કરી છે.

## સુવિચાર

- વૃત્તિઓથી દોરાય એ સામાન્ય માણસ પણ જે વૃત્તિઓને દોરે તો સાચા સંત
  **- પુનિત મહારાજ**
- સેવાનો આધાર પેસા નથી, પરંતુ હૃદય અને ઇચ્છા છે, એટલે પરમાર્થના પાયામાં પૈસો નથી પણ ભાવના અને લાગણી છે **- એસ. ભટ્ટાચાર્ય**
- સુરજ નો તડકો ફેલાય ત્યારે જ પુષ્પ ખીલે છે એમ જીવનમાં વિપત્તિ આવે ત્યારે સમજવું કે વિકાસ થઇ રહ્યો છે **- અમૃતબિંદુ**
- શિક્ષા એવી હોવી જોઇએ કે એ માણસમાં ઇશ્વરનું જ્ઞાન જગાડે અને પ્રેમ પણ જગાડે
  **- જહોન મિલ્ટન**
- ઝડપ કરતા સાતત્ય બળવાન છે **- રોબીન શર્મા**
- આપણે જેને શરણે જઇએ છીએ એનું સ્વરુપ પામીએ છીએ, બળવાનને શરણે જનાર પોતે બળવાન બની જાય છે **- ઝેન કથન**
- પ્રેમના પાયા ઉપર 'પરિવાર મંદિર' રચાયું હોય તો પરમેશ્વર ખુદ આવીને એમાં પ્રગટ થાય છે **- તથાગત**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

સદ્‌ગુણ અને સદ્‌બુદ્ધિથી જ પાત્રતા આવે છે સંસ્કાર અને સદ્‌વિચાર માણસને ઉંચ્યે સ્થાને લઇ જાય છે.

રાજાને ત્રણ રાણીથી ત્રણ પુત્રો હતા. બધીનો આગ્રહ હતો. પોતાનો જ પુત્ર ગાદી વારસ થાય. રાજા મુંઝવણમાં હતો. પ્રધાનમંડળની સલાહ લઇ ત્રણેથી કસોટી કરવાનું વિચાર્યું.

ત્રણેને પાંચ-પાંચ સોનામહોર આપી કહ્યું, 'મહેલ ભરાઇ જાય એવું કંઇક કરો...'

એક પુત્ર ખૂબ 'રૂ' ના ઢગલા લાવ્યો અને રૂ-પીંજી પીંજી મહેલ ભરી નાખ્યો.

બીજા પુત્રએ ગામનો કચરો ખરીદ્યો અને મહેલ ભરી દીધો.

ત્રીજા પુત્રએ સુગંધી અગરબત્તી-અગર લાવ્યો અને આખો મહેલ સુગંધ-મહેકથી ભરી દીધો.

અંતે રાજગાદી કોને મળી હશે એનો નિર્ણય તો હવે જ જાતે આપી શકતો - ખરું ને?!

Email - sureshchandrabhatt18@gmail.com

# ઉપદેશાત્મક અને ધાર્મિક વિષયવસ્તુ લઇને આવતી પ્રભુ ઇશુ એ પ્રબોધેલા સંદેશાની નાટ્ય પ્રસ્તુતિ

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આપણે ત્યાં નાટકો છે તે ભજવાતા નથી અને ભજવાય છે તે નાટકો નથી એવું એકવાર ઉમાશંકર જોષીને કહેલું તે વાત મહદઅંશે સાચી લાગે કારણ કે એકાંકી નાટકો શાળા કોલેજોમાં કયાંક ભજવાય કે યુવક મહોત્સવોમાં રજૂ થતાં હોય છે. મેં સિવાય ખાસ કયાંક જોવા મળે નહીં. તો બીજી તરફ કોમર્શિયલ નાટકો જે ભજવાય છે તેમાં શિષ્ય સંવાદોને બદલે હલકા સંવાદો તેમજ ગલગલીયાં કરાવી જાય તેવી ચેષ્ટાઓ અને દ્વીરથી સંવાદોની ભરમાર જોવા મળે છે. આપણે ત્યાં લોકભોગ્ય અને લોકપ્રિયત નાટકો ઓછા થાય છે. મીડિયાની મનોરંજન ક્ષેત્રે નાટક ઉપર નકારાત્મક અસર પડી છે. આવા વિપરીત સંજોગોમાં ઉપદેશાત્મક અને ધાર્મિક વિષય વસ્તુ લઇને આવતું એકાંકી નાટકનું પુસ્તક કેટલું સફળ થા તે સમયની માંગ છે.




હાં, આજે મારે તમને તાજેતરમાં પ્રગટ થયેલ એક નાટ્યસંગ્રહ 'ભાગ્યોદય અને બીજાં નાટકો' ની વાત કરવી છે. આ નાટ્ય સંગ્રહમાં પ્રભુ ઇસુએ પ્રબોધેલા પ્રેરક સંદેશાની નાટ્ય પ્રસ્તુતિ થઇ છે. આ સંગ્રહમાં આપણને કુલ-૭ નાટકો મળે છે. જેમાં પ્રતમ નાટક 'અજવાળી રાત ગીદીયોનની' ડો. સુરેન્દ્ર આસ્થાવાદીની મૂળવાર્તા 'ગીદીયોન' પર આધારિત છે. બીજું નાટક 'જન્મદિવસની ભેટ' બાળ નાટકો જેમાં ૧૧ જેટલાં પાત્રો આવે છે. તેમાં પ્રભુ ઇશુનાં જીવન વિષેની અને તેમણે પ્રબોધેલા પ્રેમ, દયા, કરૂણા, અનુકંપા જેવા ગુણોની અભિવ્યક્તિ થઇ છે આ નાટક શિશુકલા કેન્દ્ર ગાંધીનગર દ્વારા આકાશવાણી કેન્દ્ર અમદાવાદના બાળ કાર્યક્રમ 'રંગરંગ વાદળીયા' માં પ્રસારિત થયું હતું. એટલે આ રેડિયો નાટક છે. તેમ આપણે કહી શકી, ત્રીજું નાટક ટોલ્સટોયની ખુબ જાણીતી વાર્તા (ધ સુઝ મેકર) (અંગ્રેજી) નું નાટ્ય રૂપાંતર છે. નાતાલ પર્વ નિમિત્તે તે આકાશવાણી અને દૂરદર્શન પરથી પ્રસારિત થઇ ચુક્યું છે. જયારે ચોથું નાટક 'પ્રેમે નીપજે પસ્તાવો' કાર્ડિયલ ન્યુખનની મૂળ અંગ્રેજી વાર્તા 'બિશપ્સ કોન્ડલ' નુ નાટ્ય રુપાંતર છે. પાંચમુ નાટક 'આશરો એક રામનો' આલ્ફોસ મેકવાનની મૂળ વાર્તા 'ભૂલ' નું નાટ્ય રૂપાંતર છે. જે નાતાલ પર્વના સંદેશા પર આધારિત લઘુનાટિકા છે. છઠ્ઠું નાટક 'ભાગ્યોદય' ચોબના જીવન વૃત્તાંત પર આધારિત નાટ્ય રૂપાંતર છે. છેલ્લું અના સાતમું નાટક 'પ્રભુને પ્યારી હું કન્યા કુમારી' ખ્રિસ્તી સમાજ વ્યવસ્થા અને રીતિરિવાજો સાથે પ્રભુ પ્રેરણાનો સંદેશ આપે છે. આ રૂપાંતરીત નાટકોનો સંગ્રહ લેખકે તેમના માતુશ્રી સ્વ. નર્મદાબેન ઇમાનુએલ મેકવાનને અર્પણ કર્યો છે. આ સંગ્રહને જાણીતા નાટ્યવિદ અને લેખક જેને પોતાના નાટ્યકલાગુરુ માને છે. તેવા પ્રકાશ લાલા નો આવકાર, અભિનંદન અને શુભેચ્છા પ્રાપ્ત થઇ છે. જયારે 'ગુજરાત રંગભૂમિના એક અદના માનવી' તરીકે લેખકની ઓળખ આપતાં શૈલેષ ક્રિસ્ટી એ સાચું જ લખ્યું છે કે હસમુખ ભાઇની ઇચ્છા ધર્મગુરુ થવાની હતી લોકોને પ્રેમનો સંદેશો આપવાની હતી પણ નિયતિનું નિર્માણ કંઇક જુદું જ હશે. તેમ છતાં આજે તે સાચા અર્થમાં પ્રેમ ધર્મ જાળવી સહુના સહિયારા હસમુખ મેકવાન બની રહ્યા છે. શેક્સપ્રિયરે સાચું જ કહ્યું છે કે, 'માણસની જિંદગી એક રંગભૂમિ છે અને આપણે બધાં એ પાત્રો છીએ. આપણે આપણાં પાત્રો ભજવીને જીવનની લીલા સંકેલી લેવાની છે. આ પાત્ર ભજવતાં ભજવતાં આપણે કેવો ન્યાય આપણી ભૂમિકાને આપીએ છીએ તે અગત્યનું છે.'

'ભાગ્યોદય અને બીજાં નાટકો' ના લેખન- નાટ્યરૂપાંતર કરનાર હસમુખ મેકવાનનો જન્મ તા. ૧૮-૪-૧૯૫૬ અમદાવાદ ખાતે થયો હતો. તેઓ મૂળ ખૂડા જિલ્લાના પેટલાદ તાલુકાના ચાંગા ગામના વતની છે. સરકારશ્રીની આલેખન વર્તુળ કચેરી ગાંધીનગરમાં મદદનીશ નકશાગાર તરીકે સેવાઓ આપ્યા બાદ વયનિવૃત્ત થયા છે. નાટ્યકલા ક્ષેત્રે તેમજ ટી.વી. ફિલ્મ, અભિનય, લેખન અને દિગ્દર્શન તેમના શોખના વિષયો છે. તેમને સરકારશ્રીની 'કલ્યાણ શાખા,' અવસર કલા મંદિર ગાંધીનગર, ગુ.રા. સંગીત નાટ્ય અકાદમી ગાંધીનગર, તેમજ ગુજરાતી કેથોલિક સમાજ અને ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અનેક પારિતોષિક અને એવોર્ડ તેમની નાટ્ય સિદ્ધિ બદલ મળેલ છે. અનેક જાણીતા સાહિત્ય, કલા, સેવા અને સંસ્કાર, મનોરંજન ને વેગ આપતી સંસ્થાઓના તે સભ્ય છે.

ગુજરાત ક્રિશ્ચિયન પ્રેસ કાઉન્સિલ દ્વારા થોડા સમયપૂર્વ ખ્રિસ્તી સાહિત્યકારો, પત્રકારો દ્વારા લખાયેલ પચાસ જેટલાં પુસ્તકોનું એક સાથે લોકાર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયેલ તેમાં હસમુક મેકવાનના આ પુસ્તકનો પણ સમાવેશ થયો હતો.

હસમુખ મેકવાન એક અતિ ઉત્સાહી, ધગશવાળા અને પરિશ્રમી નાટ્ય કલાકાર છે. ગાંધીનગરના નાટ્યવૃંદના એક હોનહાર અચ્છા કલાકાર તરીકે નિયમિતતા, સરળતા અને વિવેક, પ્રતિબદ્ધ જેવા ગુણો ધરાવે છે. જે એક સફળ કલાકારના આવશ્યક ગુણો હોઇ તેઓ ગાંધીનગરના સીમાડા વટાવીને રંગભૂમિ અને ટી.વી. જેવા માધ્યમો સાથે પણ પોતાનો નાતો જોડી ચુકયા છે. તેમણે ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠા કહી શકાય તેવા કલાકારો, દિગ્દર્શકો સાથે અનેક નાટકો ભજવ્યા છે. જે અનુભવ તેમને તેમના આ નાટ્ય રુપાંતરના પુસ્તકમાં ખુબ જ કામ લાગ્યો હોય તેવું લાગ્યા વિના રહેતું નથી. હસમુખભાઇની સર્જકશીલતા અને રંગમંચના અનુભવની ઝલક આપણને તેમની આ કૃતિમાં જોવા મળે છે. આ પ્રસંગે હું હસમુખભાઇ મેકવાનને આવકારું છું અને અભિનયક્ષેત્રે તેઓ વધુ સફળતા પ્રાપ્ત કરે છે તેવી શુભેચ્છા સાથે તેમનાં તેઓ વધુ સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા સાથે તેમનાં આ પુસ્તક દ્વારા નાટ્યક્ષેત્રે તેમનું નામ અને કામ જાણીતું અને તે માટે અંતરના ઉમળકા સાથે અભિનંદન પાઠવું છું.

**'ભાગ્યોદય અને બીજા નાટકો'**
**લેખન - નાટ્ય રૂપાંતર - હસમુખ મેકવાન**
**પ્રકાશન - ગુજરાતી ક્રિશ્ચિયન પ્રેસ કાઉન્સિલ**
**મહેમદાવાદ**
**કિંમત : ૮૦-૦૦**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪**

# નામ અને ઓળખની આઝાદી

## હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

શેક્સપિયર ભલે કહે કે નામમાં શું રાખ્યું છે, પરંતુ આપણી ઓળખ અને આપણું સન્માન આપણા નામથી છે એમાં કોઇ બેમત નથી. લોકો પોતાના ઘરના બારણે નેમ પ્લેટ લગાવે છે, બેંકમાં નામ વગર ખાતું ખૂલતું નથી કે નામ-સરનામાં વગર ટપાલ કયાંક પહોંચતી નથી. કાયદાની દૃષ્ટિએ અને વ્યવહારુ રીતે નામ જરુરી છે. ખેર આ તો બધી આવડતો છે. મુખ્ય મુદ્દાની વાત એ છે કે, સ્ત્રી હવે પોતાની સેફ્ટી, સિક્યોરીટીની નહી પણ પોતાની ફ્રિડમની વાતો કરતી થઇ છે. તે હવે હિંસાનો ભોગ નહીં બને એટલી જ વાતોથી શાંત ચિત્તે બેસી રહેવા નથી માગતી.

તો લગ્ન થાય એટલે સ્ત્રીઓ પોતાના પિયરની અટક જ નહીં, પણ આખેઆખું નામ જ બદલી નાખવું પડે છે, કલ્પના કરી જુએ કે, આ પરંપરા સ્ત્રી માટે કેટલી આઘાતજનક બની રહે છે. સો કોઇને પોતાના નામ અને નામને કારણે ઊભી થતી પોતાની ઓળખ અત્યંત વહાલી હોય છે. આધુનિક નારીને આ પરંપરા સહેજ પણ સ્વીકાર્ય નથી એ કહેવાની જરુર નથી. આશ્વાસન લઇ શકાય એવી બાબત એ છે કે, સમય બદલાતાં સ્ત્રી હવે લગ્ન બાદ પોતાના પિયરની અટક બદલવી કે શ્વસુર ગૃહની અટક અને પતિનું નામ પોતાની સાથે ફરજિયાત જોડવું એ સ્ત્રીનો પોતાનો વ્યક્તિગત નિર્ણય બન્યો છે.

**સ્ત્રીને પણ નામ અને ઓળખની આઝાદી હોવી જોઇએ. પોતાના નામ પાછળ પુરુષનું નામ અને અટક સ્વીકારી લઇ સ્ત્રી એવી શરણાગતિ સ્વીકારી લેતી હોય એવી પરંપરા એકવીસમી સદીના બીજા દાયકામાં પ્રાસંગિક ગણાય ખરી?**

**શું સ્ત્રી એનું નામ પોતાના બાળકને ન આપી શકે? બાળકને નવ નવ માસ પોતાના બાળકને અને પ્રસૂતિ પીડા વેઠી જન્મ આપનારી માતા કૌંસમાં કે હાંસિયે ધકેલાઇ જાય અને એ પિતાના જ નામથી ઓળખાતું થઇ જાય, એ શું ન્યાયસંગત લાગે છે?**

**આવા અનેક પ્રશ્નો સદીઓથી ચર્ચાતા રહ્યા છે, છતાં પિતૃસત્તાત્મક સમાજવ્યવસ્થાએ સ્ત્રીની મહત્તાને અવગણવાનું જ ચાલું રાખ્યું છે ત્યારે સુશ્રી કૃતિ જાની એ મુદ્દે શું વિચારે છે તે જુઓ.**

આધુનિક સમયની સ્ત્રી ફક્ત અટક મળવાથી હરખાતી નથી, પોતાના પિયરની અટક યથાવત રાખવાની અને પોતાના બાળક પાછળ પણ પોતાનું જ નામની માલિક છે અને તે ઇચ્છે તો, તેના નામનું પરિવર્તન થઇ શકે છે, આ બાબત સ્ત્રીઓએ યાદ રાખવી જ રહી.

ઘરમાં બે વર્ષના દીકરાને તેના દાદી શીખવાડે છે. તારું નામ શું? તારા પપ્પાનું નામ શું? તારી મમ્મીનું નામ શું? એટલે નાનું બાળક એના મમ્મીનું નામ તેના પિયરની અટક સાથે બોલે છે, ત્યારે દાદી તરત ટોકે છે અને સમજાવે છે કે મમ્મીના નામની પાછળ પપ્પાની અટક બોલો બેટા. બિચારો દીકરો એટલો નાનો છે કે દાદીની વાતોનો મર્મ એને સમજાતો નથી. વાસ્તવિકતા એ છે કે, આ દીકરાને નાનપણથી જ પિતૃસત્તાક વિચારસરણીને આધારે ચાલવાનું શીખવાડવામાં આવે છે. કેમ કે દાદીને એ વાતનો ખ્યાલ જ નથી આવતો કે હવે જમાનો બદલાયો છે અને પુત્રવધુ ઇચ્છે તો પોતાના પિયરની અટક લગ્ન પછી પણ રાખી શકે છે.

એક પીએચડી થયેલી ૩૦ વર્ષની યુવતીએ લગ્ન બાદ પોતાના પતિને વાત કરી કે, તેને પિતા પિયરનું નામ અને અટક યથાવત રાખવાની ઇચ્છા છે અને તેને પોતાના કોઇ પણ આધારભૂત કાગળમાં જેમ કે ઇલેકશન કાર્ડ, ડ્રાઇવિંગ લાઇસન્સ કે આધાર કાર્ડમાં પોતાના પતિનું નામ ઉમેરવું નથી, તેનું પિયરનું નામ અને અટક પૂરતા છે. જો કે, તે તેના મેરિટલ સ્ટેટસ એટલે કે તે પરિણીત છે તે લખાવવા માટે તૈયાર હતી. તેના સમજુ પતિએ તેની આ વાત સ્વીકારી અને તેને તેના નામને લઇને સ્વતંત્ર નિર્ણય લેવાનો હક્ક અને અધિકાર આપ્યો. આટલેથી જ વાત અટકતી નથી તેણે તેની લાખોની સંપત્તિમાં પણ પોતાની પત્નીને શરુઆતથી જ માલિક હક આપ્યા અને મિલકતમાં સરખો ભાગ આપ્યો. આધુનિક નારીના મનોજગતને સમજનારા યુવાનો પણ આપણા સમાજમાં છે, તેનું આ અનુકરણીય ઉદાહરણ છે.

બીજું ઉદાહરણ જોઇએ, એક એન્જિનિયર પતિ-પત્નીનું. તેમના ઘરે બાળકોનો જન્મ થયો, ત્યારે પત્નીએ પોતાના પતિ સમક્ષ રજૂઆત કરી કે મારે મારી દીકરીના નામ પાછળ મારી પોતાની અટક ઉમેરવી છે. ત્યારે પતિએ તેની સંમતિ આપી પણ તેણે પત્નીનું કહ્યું કે પહેલા મારી અટક અને પછી તારી અટક એટલે બાળકીના નામ પાછળ પહેલાની અટક અને પછી માતાની અટક રાખીએ. પત્નીએ મનોમન સંતોષ માન્યો કે ચાલો આટલી વાત તો પતિએ સ્વીકારી. કારણ કે હકીક્ત એ હતી કે તે જે આઇટી ઓફિસમાં કામ કરતી હતી ત્યારે એક પણ યુવાન પતિ આ પ્રકારનું સુધારાવાદી વલણ સ્વીકારવા તૈયાર નહોતો.



એક બાજુ આધુનિક નારીના મનોરંજનને સમજનારા અને સ્વીકારનારા આંગળીના વેઢે ગણાય એટલા જ છે. જયારે બીજી બાજુ કડવું સત્ય એ છે કે, આપણાં આધુનિક સમાજમાં સ્ત્રીઓને પૈતૃક મિલકતમાંથી વંચિત રાખવામાં આવે છે. આજે પણ અનેક સ્ત્રીઓને લગ્ન બાદ એમના માતા પિતા સમજાવી ફોસલાવીને પટાવી દે છે કે, લગ્ન બાદ તેના ભાઇને સમગ્ર મિલકતનો હક આપવામાં આવશે. દીકરીના લગ્ન કરાવી દીધા એટલે એ એના ઘરે એમ કહીને તેની પાસેથી મિલકતના તમામ હક્ક છીનવી લેવામાં આવે છે. એક છૂટાછેટા લીધેલી સ્ત્રી પોતાના પિતાને ઘરે પાછીઆવે છે ત્યારે તેને ફરજ પાડીને નોકરી કરવા મોકલવામાં આવે છે અને એવું કહેવામાં આવે છે કે તારો ખર્ચો તારે પોતે કાઢવો જોઇએ. એ સ્ત્રીને જાણ જ નથી કે કાયદામાં તેના પિતાની મિલકતમાં તેના ભાઇઓ જેટલો જ તેનો પૂરો હક્ક છે. આધુનિક શિક્ષણ વ્યવસ્થામાં શાળામાં કે કોલેજમાં સ્ત્રીઓને તેમના હક્ક વિશે જાગૃત થવાનું કયાક પણ શીખવાડવામાં આવતું નથી. આધુનિક નારી ઇચ્છે છે કે, તેમને તેમના અધિકારોની જાણકારી ઘરમાંથી તેમજ શાળા કોલેજમાંથી જ મળે.

આજે સંતાનવિહોણા દંપતી દીકરાને નહીં, પણ દીકરીને વધુ પ્રમાણનાં દત્તક લે છે, તેની પાછળનો છુપો હેતુ એ છે કે, તેઓ માને છે કે દીકરી તેમની પાસેથી મિલકતનો અધિકાર નહીં માગે. નાનકડી બાળકીને ઉછેરીને માતા પિતાને બાળક ઉછેરવાનો આનંદ લેવો છે પણ તે પુખ્ત થાય ત્યારે તેને મિલકતનો અધિકાર આપવો તે મંજૂર નથી. ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે સ્ત્રીઓને યાદ જરુર કરવામાં આવે છે. પરંતુ તેમને મળવા જોઇતા અધિકાર, સન્માન આપવા માટે નક્કર પગલા ભરવાનું ભાગ્યે જ કોઇને ગમે છે. વર્ષથી આપણને શીખવાડવામાં આવે છે કે, પહેલું વંદન માતપિતાને. આમ કહીન માતાને પ્રથમ પ્રમાણ કરવામાં આવે છે પરંતુ એ માતાને અધિકારોથી વંચિત રાખવામાં આવે છે, એ વાત પણ એટલી જ સાચી છે.

**એક બાજુ આધુનિક નારીને સમાન અધિકારોની વાત કરવામાં આવે છે અને બીજી બાજુ તેમને તેમનાં જ મૂળભૂત અધિકારો અને સન્માનથી વંચિત રાખવામાં આવે છે**

(સૌજન્ય : ગુજરાત ગાર્ડિયન)